# સર્વોદય કોમર્શિયલ કો.ઓપ.બેંક લી., મહેસાણા

Website: www.scc.bank.in E-Mail ID: info@sccbank.in Ph No. 02762-230269
હેડ ઓફીસ : સર્વોદય બેંક રોડ, ભમરીયા નાળા નજીક, મહેસાણા.૩૮૪૦૦૨

આથી જણાવવાનું કે અમારી બેંકની વિવિધ શાખાઓ દ્વારા સોનાના દાગીના સામે ધીરાણ કરવામાં આવે છે. સોનાના દાગીના સામે કરેલ ધીરાણ પૈકી જે ખાતાઓ NPA થયેલા છે અગર તેની પાકતી તારીખની મુદતપુર્ણ થયેલ હોવા છતાંય ખાતેદારોએ રકમ ભરપાઈ કરી દાગીના છોડાવેલ નથી તેવા ખાતાઓના સોનાના દાગીનાની સામે આપેલ ધીરાણની વસુલાત માટે જે તે ખાતેદારોને અગાઉ તા.૦૨/૦૧/૨૦૨૬ ના રોજ Speed Post થી નોટીસ આપવામાં આવેલ છે. તેમ છતાંય પુનઃ(ફરીથી) વ્યકિતગત નોટીસ Speed Post થી આપવામાં આવનાર છે. ઉપરાંત આ જાહેર હરાજીની નોટીસ થી સંબંધ કરતા તમામ ખાતેદારોને જાણ કરવામાં આવે છે કે આવા તમામ ખાતેદારોએ તેમનુ ખાતુ તા.૧૩/૦૩/૨૦૨૬ ના બેંકીંગ કામકાજનો સમય પુર્ણ થાય તે પહેલા પુરેપુરુ ખાતુ ચુકતે કરીને તેમના દાગીના છોડાવી લેવા, જો ખાતુ નિયત સમય મર્યાદામાં ચુકતે કરવામાં નહી આવે તો તેવા ખાતાઓના ધિરાણ સામે તારણમાં આપેલ સોનાના દાગીનાની જાહેર હરાજી કરી ધીરાણની રકમ, ચડત વ્યાજની રકમ તથા વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવશે. સોનાના દાગીનાની જાહેર હરાજી (૧) બનાસકાંઠા જીલ્લા માટે તા.૧૬/૦૩/૨૦૨૬ ના રોજ સાંજે ૪:૦૦ કલાકે સર્વોદય કોમર્શિયલ કો–ઓપરેટીવ બેંક લી.મહેસાણા, પાલનપુર શાખા (૨) મહેસાણા જીલ્લા માટે તા.૧૭/૦૩/૨૦૨૬ ના રોજ સાંજે ૪:૦૦ કલાકે સર્વોદય કોમર્શિયલ કો–ઓપરેટીવ બેંક લી.મહેસાણા, હેડ ઓફીસ શાખા તથા (૩) અમદાવાદ જીલ્લા માટે તા.૧૮/૦૩/૨૦૨૬ ના રોજ સાંજે ૪:૦૦ કલાકે સર્વોદય કોમર્શિયલ કો–ઓપરેટીવ બેંક લી.મહેસાણા, સાબરમતી શાખા ખાતે રાખેલ છે. જાહેર હરાજીમાં ભાગ લેવા ઈચ્છતા ચોકસી વેપારીઓ / પેઢીઓ / વ્યકિતગત વ્યકિતઓ ડીપોઝીટની રકમ રૂા.૨૦,૦૦૦/– ની સાથે તેમના પેઢીના પુરાવા, આધારકાર્ડ તથા પાનકાર્ડની નકલ આપ્યા બાદ હરાજીમાં ભાગ લઈ શકશે, જે વ્યકિતના આધારકાર્ડ, પાનકાર્ડ કે અધિકાર પત્ર આપવામાં આવેલ હશે તે જ વ્યકિત હરાજીમાં ભાગ લઈ શકશે. ડીપોઝીટની રકમ બેંકની કોઈપણ શાખા ખાતે તા.૧૬/૦૩/૨૦૨૬ ના રોજ બપોરે ૩–૦૦ કલાક પહેલા જમા કરાવવાની રહેશે. હરાજી મુલત્વી રાખવી, આંશિક ખાતાઓની દાગીનાની હરાજી કરવી, હરાજી બંધ રાખવી, હરાજીની માંગણી મંજુર કરવી, હરાજીની માગણી નામંજુર કરવી તથા હરાજી અંગેના તમામ યોગ્ય નિર્ણયો લેવાની બેંકના અધિકૃત અધિકારીઓને સત્તા રહેશે. વર્તમાનપત્રની જાહેર નોટીસની કોપી અને ડીફોલ્ટર ખાતેદારોનુ લીસ્ટ બેંકની વેબસાઈટ ઉપર તથા જે તે શાખાના નોટીસ બોર્ડ ઉપર પ્રગટ કરવામાં આવેલ છે. જાહેર હરાજીની શરતો હરાજી વખતે વાંચી સંભળાવવામાં આવશે.

સ્થળ : હેડ ઓફીસ — અધિકૃત અધિકારી

તા.૦૫/૦૨/૨૦૨૬ — સર્વોદય કોમર્શિયલ કો–ઓપરેટીવ બેંક લી.,મહેસાણા